બારડોલી



હથોડા



ઇબ્રાહીમ કાનુ

કુકરમુંડા



વાંકલ



વિનોદ મૈસુરીયા

# લોકશાહી પર્વે નીરસ પ્રતિસાદ: ગરમીએ ઉત્સાહ ઓગાળ્યો!

**ચૈત્રના આકરા તડકાની વચ્ચે જ્યારે લોકશાહીનો સૂર્યોદય થયો, ત્યારે આશા અને અપેક્ષાઓનાં કિરણો ચારેકોર રેલાયાં હતાં. સવારના આહલાદક વાતાવરણમાં મતદારોનો ઉત્સાહ મધપૂડાની જેમ ઊભરાયો, પણ જેમ-જેમ સૂર્ય મધ્યાહને પહોંચ્યો, તેમ તેમ ગરમીના પ્રકોપ સામે લોકશાહીનો આ ઉત્સવ થોડો ઝાંખો પડતો જણાયો હતો. ઘણી જગ્યાએ ઉમેદવારોનાં મતદાર યાદીમાંથી નામ જ નીકળી જતાં આ અવસરનો લાભ લઈ શક્યા ન હતા. તો ઘણાં યુગલો લગ્ન હોવા છતાં મત આપવાની ફરજ ચૂક્યાં ન હતાં. સવારથી જ મતદાન માટે વિવિધ પક્ષોના કાર્યકરોની દોડધામ જોવા મળી હતી. ક્યાંક તપતી ગરમીનો પ્રકોપ માણસોના સ્વભાવમાં પણ વર્તાઈ રહ્યો હતો. જો કે, વહીવટી તંત્રની મધ્યસ્થી બાદ બધુ રાબેતા મુજબ થાળે પડ્યું હતું.**

## બારડોલી તાલુકા અને જિલ્લા પંચાયતમાં 64.05 ટકા મતદાન

**બારડોલી** નગરપાલિકામાં 64.91 ટકા મતદાન નોંધાયું

બારડોલી: બારડોલી નગરપાલિકા અને તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી અત્યંત નિરાશાજનક મતદાન રહ્યું હતું. સાંજે 5 વાગ્યા સુધીમાં તાલુકા-જિલ્લામાં 64.05 ટકા જેટલું અને નગરપાલિકા વિસ્તારમાં 64.91 ટકા જેટલું મતદાન નોંધાયું હતું.

બારડોલી તાલુકા પંચાયતમાં 22 બેઠક પૈકી કડોદ-2 બેઠક પર ભાજપની મહિલા ઉમેદવાર બિનહરીફ થઈ હતી. જ્યારે અસ્તાન બેઠક પર કોંગ્રેસના ઉમેદવારનું અવસાન થતાં એ બેઠકની ચૂંટણી સ્થગિત કરવામાં આવી હતી. આથી 20 બેઠક પર મતદાન યોજાયું હતું. જેના પર 58 ઉમેદવારનું ભાવિ રવિવારે ઈવીએમમાં સીલ થયું હતું. તાલુકામાં કોંગ્રેસ, ભાજપ અને અપક્ષ ઉપરાંત કેટલીક બેઠકો પર આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ ઉમેદવારી કરી હતી. બીજી તરફ તાલુકામાં જિલ્લા પંચાયતની પાંચ બેઠક પર 14 ઉમેદવાર મેદાનમાં હતા. તમામ મતદાન કેન્દ્રો પર ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં સાંજે 5 વાગ્યા સુધીમાં અંદાજિત 64.05 ટકા જેટલું મતદાન નોંધાયું હતું. બીજી તરફ બારડોલી નગરપાલિકા 36 બેઠક પૈકી વોર્ડ નં.2માં અનુસૂચિત જાતિ અને વોર્ડ નં.8માં બક્ષીપંચ ઉમેદવાર બિનહરીફ થતાં 34 બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી.

### ઉમરાખમાં હળપતિ સમાજના લોકો મતદાનથી અળગા રહેતાં તંત્રમાં દોડધામ

બારડોલીના ઉમરાખ ગામે હળપતિ સમાજના લોકોએ એક સંપ થઈ મતદાનથી અળગા રહ્યા હતા. ગામમાં દબાણને લઈ 100 જેટલાં મકાનોને ગ્રામ પંચાયતે નોટિસ આપી હતી. જેના વિરોધમાં લોકો મતદાનથી અળગા રહ્યા હતા. જો કે, અધિકારીઓની સમજાવટ બાદ બપોર પછી મતદાન કર્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. એ જે રીતે મોતા ગામમાં ભાજપના ઉમેદવારની પસંદગીને લઈ થઈ રહેલો વિરોધ ચૂંટણીમાં જોવા મળ્યો હતો. સવર્ણ વર્ગના લોકો મતદાનથી અળગા રહ્યા હતા.

### વોર્ડમાં ધક્કા ખાધા પણ રાજેશ વાઘને નામ ન મળ્યું!

એસઆઇઆરમાં નામ કપાઈ જતાં મતાધિકારનો ઉપયોગ ન કરી શકનાર રાજેશ વાઘે જણાવ્યું હતું કે, તેઓ ત્રણ પેઢીથી બારડોલીમાં રહે છે અને 2002થી મતદાન કરી રહ્યા હતા. 2025માં જ નવું વોટર આઇડી કાર્ડ પણ ઇશ્યુ થયું હતું. છતાં એસઆઇઆરની કામગીરીમાં મારું નામ કમી થઈ ગયું છે. તેમણે રોષ સાથે જણાવ્યું હતું કે, હું અલગ અલગ વોર્ડમાં ફરી વળ્યો પણ નામ ક્યાંય મળ્યું ન હતું.

### બારડોલી તાલુકા પંચાયતની બેઠક પર ક્યાં કેટલું મતદાન

| વોર્ડ નં | વોર્ડનું નામ | પુરુષ મતદાર | સ્ત્રી મતદાર | કુલ મતદાર | પુરુષ મતદાન | સ્ત્રી મતદાન | કુલ મતદાન | કુલ મતદાન % |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | આફવા | 2617 | 2725 | 5342 | 1686 | 1690 | 3376 | 63.19 |
| 2 | અકોટી | 2274 | 2395 | 4669 | 1549 | 1608 | 3157 | 67.61 |
| 3 | અસ્તાન | 0 | 0 | 0 | | | | 0.00 |
| 4 | બાબેન-1 | 2126 | 1975 | 4101 | 1258 | 1021 | 2279 | 55.57 |
| 5 | બાબેન-2 | 2215 | 2019 | 4234 | 1441 | 1269 | 2710 | 64.00 |
| 6 | બાલ્દા | 2605 | 2783 | 5388 | 1894 | 2011 | 3905 | 72.47 |
| 7 | કડોદ-1 | 2820 | 2798 | 5618 | 1854 | 1634 | 3488 | 62.08 |
| 8 | કડોદ-2 | 0 | 0 | 0 | | | | 0.00 |
| 9 | ખોજ | 2463 | 2618 | 5081 | 1702 | 1806 | 3508 | 69.04 |
| 10 | મઢી | 2621 | 2702 | 5323 | 1703 | 1654 | 3357 | 63.06 |
| 11 | માણેકપોર | 2541 | 2731 | 5272 | 1674 | 1783 | 3457 | 65.57 |
| 12 | મોતા | 2285 | 2351 | 4636 | 1148 | 1132 | 2280 | 49.18 |
| 13 | નિઝર | 2155 | 2233 | 4388 | 1620 | 1603 | 3223 | 73.45 |
| 14 | સરભોણ | 1990 | 2110 | 4100 | 1428 | 1436 | 2864 | 69.85 |
| 15 | સેજવાડ | 2679 | 2825 | 5504 | 1690 | 1841 | 3531 | 64.15 |
| 16 | સુરાલી-1 | 2302 | 2281 | 4583 | 1606 | 1507 | 3113 | 67.92 |
| 17 | સુરાલી-2 | 2264 | 2518 | 4782 | 1581 | 1720 | 3301 | 69.02 |
| 18 | તેન | 2858 | 2892 | 5750 | 1565 | 1417 | 2982 | 51.86 |
| 19 | વઢવાણીયા | 2525 | 2652 | 5177 | 1687 | 1689 | 3376 | 65.21 |
| 20 | વડોલી | 2154 | 2254 | 4408 | 1498 | 1620 | 3118 | 70.73 |
| 21 | વાંકાનેર | 2490 | 2570 | 5060 | 1384 | 1348 | 2732 | 53.99 |
| 22 | વરાડ | 2318 | 2387 | 4705 | 1545 | 1542 | 3087 | 65.61 |

### બારડોલી પાલિકાની વોર્ડવાઈઝ બેઠક પર ક્યાં કેટલું મતદાન

| વોર્ડ નં | વોર્ડનું નામ | પુરુષ મતદાર | સ્ત્રી મતદાર | કુલ મતદાર | પુરુષ મતદાન | સ્ત્રી મતદાન | કુલ મતદાન | કુલ મતદાન % |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | વોર્ડ -1 | 2434 | 2387 | 4821 | 1408 | 1202 | 2610 | 54.13 |
| 2 | વોર્ડ -2 | 2957 | 2913 | 5870 | 1479 | 1231 | 2710 | 46.16 |
| 3 | વોર્ડ -3 | 2053 | 2021 | 4074 | 1269 | 1123 | 2392 | 58.71 |
| 4 | વોર્ડ -4 | 2045 | 2058 | 4103 | 1227 | 1161 | 2388 | 58.20 |
| 5 | વોર્ડ -5 | 2086 | 2129 | 4215 | 1443 | 1458 | 2901 | 68.82 |
| 6 | વોર્ડ -6 | 3072 | 2861 | 5933 | 2313 | 2092 | 4405 | 74.24 |
| 7 | વોર્ડ -7 | 2112 | 2152 | 4264 | 1680 | 1611 | 3291 | 77.18 |
| 8 | વોર્ડ -8 | 2082 | 2003 | 4085 | 1579 | 1473 | 3052 | 74.71 |
| 9 | વોર્ડ -9 | 2108 | 2209 | 4317 | 1632 | 1673 | 3305 | 76.55 |

## ઓલપાડ તા.પં.ની ૧૧ બેઠક ઉપર ૬૫.૫૧ ટકા મત પડ્યા

**ઓલપાડમાં** જિ.પં.ની ૨ બેઠક ઉપર ૬૧.૦૯ ટકા મતદાન નોંધાયું

સાયણ: ઓલપાડ તા.પં.ની બાકી રહેલ કુલ ૧૧ સીટ ઉપર સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૨૧,૨૮૪ પુરુષ તથા ૨૦,૨૧૮ મળી કુલ ૪૧,૫૦૩ મતદારોએ સરેરાશ ૬૫.૫૧ ટકા અને તાલુકામાં સમાવિષ્ટ પાંચ પૈકી ઓલપાડ અને પિંજરત સીટ ઉપર કુલ ૧૫,૮૭૨ મતદારે ૬૨.૩૭ ટકા મતદાન કર્યું હતું. જ્યારે પિંજરત સીટ ઉપર કુલ ૧૮,૦૮૭ મતદારે ૬૧.01 ટકા મતદાન કર્યું હતું.

ધારાસભ્ય મુકેશભાઈ પટેલે દાવો કર્યો હતો કે, તાલુકામાં બીજી ટર્મ માટે પણ કોંગ્રેસ મુક્તનું મારું સ્વપ્ન સાકાર થશે. જેનો મને મતદારો ઉપર પૂરો વિશ્વાસ છે. જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કેટલાક ઉમેદવારોએ દમ માર્યો હતો કે, મતદારોએ અમારી તરફેણમાં મતદાન કર્યું હોવાથી અમારી જીત થશે. ઓલપાડ તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તા.પં.ની કુલ ૨૪ પૈકી ૧૩ સીટ બિનહરીફ થતાં મતદાન થાય તે પહેલા જ ભાજપે તા.પં.માં સત્તા હાંસલ કરી ભગવો લહેરવ્યો હતો. જ્યારે રવિવારે બાકીની ૧૧ સીટ ઉપર થયેલ મતદાનના આંકડા મુજબ ઓલપાડ-૧માં ૫૨.૩૯ ટકા, ઓલપાડ-૨માં ૬૩.૬૬ ટકા, મોર-૭૧.૭૨ ટકા, સાંધીએર-૬૭.૭૨ ટકા, સિવાણ-૬૦.૦૮ ટકા, કીમ-૨ સીટ ઉપર ૪૧.૪૪ ટકા, મુળદ-૫૮.૦૯ ટકા, કરંજ-૬૧.૦૭ ટકા, સરસ-૬૦.૮૩ ટકા, દાંડી-૫૬.૭૭ ટકા અને ટકારમા સીટ ઉપર ૬૩.૯૭ ટકા મતદાન નોંધાયું છે.

## માંડવી નગરપાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૭૭ ટકાથી વધુ મતદાન

માંડવી: માંડવી નગરપાલિકાના ૬ વોર્ડમાં ૭૪.૧૦% મતદાન થયું હતું. તો માંડવી અને અરેઠ પંથકમાં જંગી મતદાન થયું હતું. માંડવી તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકો અને જિલ્લા પંચાયતની ત્રણ મહત્વની બેઠક દેવગઢ, ઘંટોલી અને ગોદાવાડીમાં મતદારોએ ભારે જાગૃતિ બતાવી હતી. આ વિસ્તારોમાં અંદાજિત ૭૮ ટકા જેટલું મસમોટું મતદાન નોંધાયું છે. અરેઠ તાલુકા પંચાયતની ૧૬ બેઠકો તથા જિલ્લા પંચાયતની બે બેઠકો (અરેઠ અને તડકેશ્વર) માટે થયેલા મતદાનમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લઈને લોકશાહીની ફરજ અદા કરી હતી. અહીં સમગ્ર પંથકમાં સૌથી વધુ એટલે કે અંદાજિત ૮૦ ટકા જેટલું જંગી મતદાન નોંધાયું છે.

## કામરેજ તા.અને જિ.પં. મળી 22 બેઠક પર 57.73 ટકા મતદાન થયું

**રામનગર** સોસાયટીના રહીશોને મત ક્યાં આપવાના એ ખબર ન હોવાથી મત ન આપ્યા

કામરેજ: કામરેજ તાલુકાની 18 અને જિલ્લા પંચાયતની 4 બેઠક મળી કુલ 22 બેઠકો માટે સવારે 7થી સાંજે 6 કલાક સુધી મતદારો દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું.

કામરેજ ગામની હદમાં આવેલી રામનગર સોસાયટીના રહીશોને પોતાને મતદાન કરવા ક્યાં જવું તેની ખબર જ ન હોવાથી પોતાનો મત આપવા ગયા ન હતા. જ્યારે ધોરણ પારડી ગામમાં પટેલ ફળિયામાં રહેતા 94 વર્ષના મગનભાઈ ભીખાભાઈ પટેલ જેઓ સરખી રીતે ચાલી પણ નથી શકતાં, છતાં ગામના બે યુવાન તેમજ ઘોડીની મદદથી મતદાન કરવા માટે આવ્યા અને પોતાનો મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.



વિશાલ પટેલ

સવારે 7થી સાંજે 5 કલાક સુધી કુલ 57.73 ટકા જેટલું મતદાન થયું હતું. શાંતિપૂણ માહોલમાં મતદાન પૂર્ણ થયુ હતું.

## મહુવા બેઠક પર 78.27% મતદાન નોંધાયું

અનાવલ : શાંતિપૂર્ણ માહોલ વચ્ચે યોજાયેલા મતદાનમાં જિલ્લા પંચાયતની બેઠકોમાં સારો પ્રતિસાદ નોંધાયો હતો. અનાવલ બેઠક પર અંદાજે 70.11%, વલવાડામાં 74.14%, કરચેલિયામાં 74.91% અને મહુવા બેઠકમાં સૌથી વધુ 78.27% મતદાન નોંધાયું હતું. કુલ મળી તમામ બેઠકોમાં મતદારોમાં ઉત્સાહજનક ભાગીદારી જોવા મળી હતી.

## બુહારીમાં વિડીયો ઉતારવા મુદ્દે ગાળાગાળી

વાલોડ: બુહારી ગામે ભાજપ-ભાજપ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મામલો બીચક્યો હતો. પોલીસ ત્યાં હાજર હોવા છતાં જાહેરનામાનો ભંગ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં બુહારી ગ્રામ પંચાયતના સભ્ય અને તેનો પુત્ર સત્તાના નશામાં ભાન ભૂલ્યા હતા. જાહેરમાં ગાળાગળી કરતો હોવાનો વિડીયો પણ વાઈરલ થયો છે. સત્યજીત દેસાઈ, સૂરજ દેસાઈ આ બંને પિતા-પુત્ર તેમજ તાપી જિલ્લા ભાજપના અન્ય એક અગ્રણી વચ્ચે વિડીયોગ્રાફી ઉતારવાના મામલે બોલાચાલી થઈ હતી. તો બીજી તરફ આટલો ચુસ્ત બંદોબસ્ત હોવા છતાં ભાજપના અગ્રણી વિડીયોગ્રાફી કરે તે કેટલું યોગ્ય કહેવાય. જે બાબતને લઈ સમગ્ર ઈશ્યુ ઊભો થયો હતો. જેને લઈ ભાજપનાં જ બે જૂથનાં ટોળાં સામ સામે આવી ગયાં હતાં. પોલીસ સાથે પણ ઉધ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવ્યું હતું. અંતે વાલોડ પી.એસ.આઈ. શીતલબેન સોલંકીએ કડક વલણ અપનાવતા મામલો થાળે પડ્યો હતો અને બંને જૂથોને અલગ કરી મામલો થાળે પાડી ચૂંટણી પ્રક્રિયા રાબેતા મુજબ ચાલુ કરાવી હતી.

બુહારી ગામે એક વૃદ્ધ માતા કે જેમની ઉંમર આશરે 80 વર્ષ નજીક હોય અને જેમને ચાલવામાં થોડી તકલીફ હોય તેમ છતાં તેઓ મતદાન કેન્દ્ર ઉપર મતદાન કરવા પહોંચ્યા હતા. જ્યાં હાજર વાલોડ પી.એસ.આઈ શીતલબેન સોલંકી તેમને બૂથ સુધી પહોંચાડવામાં મદદ કરી હતી.

## વ્યારા નગરપાલિકાની 5 વોર્ડની 19 બેઠક પર 65.67 ટકા મતદાન

**જિ.પં.ની** 26 બેઠકનું 75.33 અને 8 તા.પં.ની 133 બેઠક પર 75.41 ટકા મતદાન થયું

વ્યારા: તાપી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી, જેમાં જિલ્લામાં કુલ 26 જિલ્લા પંચાયત બેઠક પર મતદારોએ મતદાન કર્યું હતું. સાંજે 5 વાગ્યા સુધીમાં 75.33 ટકા મતદાન થયું હતું. તેમજ જિલ્લાની કુલ 8 તાલુકા પંચાયતમાં કુલ 133 બેઠક પર 75.41 ટકા મતદાન થયું હતું. જ્યારે વ્યારા નગર પાલિકાની કુલ 7 વોર્ડમાં 28 બેઠક પૈકી 9 બેઠક બિનહરીફ થતાં ગતરોજ 5 વોર્ડમાં 19 બેઠક પર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સાંજના 5 વાગ્યા સુધીમાં 65.67 ટકા મતદાન થયું હોવાનું જાણવા મળ્યું હતું. તાપી જિલ્લા પંચાયતની 26 સહિત જિલ્લાનાં 8 તાલુકાની 133 બેઠક ઉપરાંત વ્યારા નગરપાલિકાની 5 વોર્ડમાં 19 બેઠક પર સાંજ સુધી મતદાન જારી રહ્યું હતું.

## હથોડા, પાલોદ, પીપોદરા, કોસંબા, તરસાડી પંથકમાં ઉત્સાહભેર 80% મતદાન

હથોડા: હથોડા સહિત પાલોદ, પીપોદરા, મોટી નરોલી, મોટા બોરસરા, કોઠવા, ભાટકોલ, વાલેસા, લીંડિયાત, લીમોદરા, મોલવાણ, પાણેથા, વેલાછા, કોસંબા, તરસાડી, કુંવારદા, કઠવાડા, લિંબાડા, સાવા, નંદાવ, મોટી પારડી, હથુરણ વગેરે વિસ્તારમાં મતદારોએ પોતાનો મતદાર અધિકારનો ઉત્સાહભેર ઉપયોગ કરી મતદાન કરતાં 80% જેટલું ઊંચું મતદાન નોંધાયું હતું. 42 ડિગ્રી ઊંચું તાપમાન છતાં લોકોએ શાંતિપૂર્ણ મતદાન કરતા પોલીશ્નએ રાહત થઈ હતી.

### વ્યારા નગરપાલિકાના વિવિધ વોર્ડમાં મતદાન

| વ્યારા પાલિકાના વોર્ડ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ મતદાન | સ્ત્રી મતદાન | કુલ મતદાન | પુરુષ (%) | સ્ત્રી (%) | કુલ (%) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | 10624 | 11019 | 21643 | 7212 | 7002 | 14214 | 67.88 | 63.54 | 65.67 |
| વોર્ડ -1 | 1919 | 2049 | 3968 | 1409 | 1460 | 2869 | 73.42 | 71.25 | 72.30 |
| વોર્ડ -2 | 2044 | 2068 | 4112 | 1491 | 1331 | 2822 | 72.10 | 65.12 | 68.63 |
| વોર્ડ -3 | 2399 | 2382 | 4781 | 1556 | 1454 | 3010 | 64.86 | 61.04 | 62.96 |
| વોર્ડ -4 | 2057 | 2301 | 4358 | 1250 | 1293 | 2543 | 60.77 | 56.19 | 58.35 |
| વોર્ડ -5 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | #Error |
| વોર્ડ -6 | 2181 | 2243 | 4424 | 1506 | 1464 | 2970 | 69.05 | 65.27 | 67.13 |
| વોર્ડ -7 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | #Error |
| કુલ | 10624 | 11019 | 21643 | 7212 | 7002 | 14214 | 67.88 | 63.54 | 65.67 |

### તાપી જિલ્લા પંચાયતમાં ક્યાં કેટલું મતદાન

| મતદાન મથકનું નામ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ મતદાન | સ્ત્રી મતદાન | કુલ મતદાન | પુરુષ (%) | સ્ત્રી (%) | કુલ (%) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તાપી જિલ્લા પંચાયત | 277578 | 293140 | 570718 | 211234 | 218660 | 729894 | 76.1 | 74.59 | 75.33 |
| આમલગુંડી | 9409 | 9814 | 19223 | 6878 | 7179 | 14057 | 73.1 | 73.15 | 73.13 |
| બોરખડી | 10923 | 12048 | 22971 | 7397 | 7762 | 15159 | 67.72 | 64.43 | 65.99 |
| બુહારી | 10093 | 10766 | 20859 | 7559 | 7695 | 15254 | 74.89 | 71.48 | 73.13 |
| ઘજાંબા | 11237 | 11670 | 22907 | 8755 | 9027 | 17782 | 77.91 | 77.35 | 77.63 |
| ડોલવણ | 13508 | 14194 | 27702 | 10345 | 10368 | 20713 | 76.58 | 73.04 | 74.77 |
| ડોસવાડા | 11192 | 11922 | 23114 | 8332 | 8624 | 16956 | 74.45 | 72.34 | 73.36 |
| ફુલવાડી | 11661 | 12451 | 24112 | 8355 | 8829 | 17184 | 71.65 | 70.91 | 71.27 |
| ગડત | 10976 | 11685 | 22661 | 8227 | 8147 | 16374 | 74.95 | 69.72 | 72.26 |
| ગુણસદા | 11270 | 12112 | 23382 | 8979 | 9480 | 18459 | 79.67 | 78.27 | 78.95 |
| કાનપુરા | 10543 | 11395 | 21938 | 6497 | 6847 | 13344 | 61.62 | 60.09 | 60.83 |
| કમાલછોડ | 9656 | 10327 | 19983 | 6824 | 6970 | 13794 | 70.67 | 67.49 | 69.03 |
| કરંજવેલ | 9923 | 10602 | 20525 | 7577 | 7806 | 15383 | 76.36 | 73.63 | 74.95 |
| કેળકુઇ | 10244 | 11031 | 21275 | 7202 | 7591 | 14793 | 70.3 | 68.82 | 69.53 |
| મોહિની | 12991 | 13407 | 26398 | 10827 | 11304 | 22131 | 83.34 | 84.31 | 83.84 |
| મોરંબા | 10788 | 11563 | 22351 | 8988 | 9780 | 18768 | 83.31 | 84.58 | 83.97 |
| નિઝર | 9865 | 10135 | 20000 | 6893 | 7027 | 13920 | 69.87 | 69.33 | 69.6 |
| પાટી | 11384 | 12181 | 23565 | 8714 | 8844 | 17558 | 76.55 | 72.6 | 74.51 |
| રાણીઆંબા | 10900 | 11295 | 22195 | 8943 | 9224 | 18167 | 82.05 | 81.66 | 81.85 |
| સાતકાશી | 10647 | 10624 | 21271 | 8815 | 8794 | 17609 | 82.79 | 82.77 | 82.78 |
| શાલે | 8470 | 8379 | 16849 | 7057 | 7206 | 14263 | 83.32 | 86 | 84.65 |
| ટોકરવા (સેગુપાડા) | 9454 | 10141 | 19595 | 7273 | 7667 | 14940 | 76.93 | 75.6 | 76.24 |
| ઉચ્છલ | 10508 | 11205 | 21713 | 8534 | 9211 | 17745 | 81.21 | 82.2 | 81.73 |
| ઉંચામાળા | 10124 | 10562 | 20686 | 7139 | 7024 | 14163 | 70.52 | 66.5 | 68.47 |
| વડપાડાનેસુ | 12692 | 13309 | 26001 | 10657 | 11204 | 21861 | 83.97 | 84.18 | 84.08 |
| વાલોડ | 10428 | 11271 | 21699 | 7275 | 7665 | 14940 | 69.76 | 68.01 | 68.85 |
| વેલદા | 8692 | 9051 | 17743 | 7192 | 7385 | 14577 | 82.74 | 81.59 | 82.16 |
| કુલ | 277578 | 293140 | 570718 | 211234 | 218660 | 429894 | 76.1 | 74.59 | 75.33 |

### તાપી જિલ્લા તાલુકા પંચાયતમાં ક્યાં કેટલું મતદાન થયું

| તાલુકા નામ | ચૂંટણી યોજાનાર બેઠકો | મતદાન મથકો | કુલ મતદારો | | | કુલ | | | કુલ ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| નિઝર | 15 | 58 | 25279 | 25800 | 51079 | 20033 | 20565 | 40598 | 79.2476 | 79.7093 | 79.48 |
| ઉચ્છલ | 16 | 98 | 36191 | 37921 | 74112 | 30018 | 31719 | 61737 | 82.9433 | 83.6449 | 83.30 |
| વ્યારા | 20 | 134 | 51757 | 55638 | 107395 | 35812 | 37030 | 72842 | 69.1926 | 66.5552 | 67.83 |
| વાલોડ | 16 | 79 | 30177 | 32364 | 62541 | 21658 | 22330 | 43988 | 71.7699 | 68.9964 | 70.33 |
| ડોલવણ | 16 | 92 | 35868 | 38060 | 73928 | 27286 | 27359 | 54645 | 76.0734 | 71.8839 | 73.92 |
| કુકરમુંડા | 16 | 61 | 22449 | 24014 | 46463 | 17343 | 18609 | 35952 | 77.2551 | 77.4923 | 77.38 |
| સોનગઢ | 18 | 121 | 40955 | 43172 | 84127 | 31426 | 32694 | 64120 | 76.733 | 75.7296 | 76.22 |
| ઉકાઇ | 16 | 88 | 33154 | 34406 | 67560 | 26549 | 27301 | 53850 | 80.0778 | 79.3495 | 79.71 |
| કુલ | 133 | 731 | 275830 | 291375 | 567205 | 210125 | 217607 | 427732 | 76.1792 | 74.6828 | 75.41 |